# નગર પ્રાથમિક શિક્ષણ સમિતિ અમદાવાદ

પરિપત્ર નં. ૮૩ તા.૨૨-૧૧-૧૯

ફક્ત મ્યુનિ. શાળાઓ માટે જ :-

વિષય :- ‘ભાષાદીપ’ કાર્યક્રમ અંતર્ગત વાચન અર્થગ્રહણની પૂર્વ કસોટી બાબત.

સંદર્ભ :- જીસીઈઆરટી/સીએન્ડઈ/૨૦૧૯/૨૯૭૬૮-૯૪ તા.૨૧-૧૧-૧૯નો પત્ર

આથી તમામ મ્યુનિ. શાળાના મુખ્ય શિક્ષકશ્રીઓને ઉપરોકત વિષય તથા સંદર્ભે જણાવવાનું કે,તા.૨૩-૧૧-૧૯ ના રોજ રાજયની પ્રાથમિક શાળાઓમાં ધો.૩ થી ૮ના વિદ્યાર્થીઓ માટે ‘ભાષાદીપ’ કાર્યક્રમ અંતર્ગત વાચન અર્થગ્રહણ પૂર્વકસોટી યોજાનાર છે. આ અંગે નીચે મુજબની સૂચનાઓનું પાલન કરશો.

- આ કસોટી વિદ્યાર્થીઓને એકમ કસોટીની નોટબુકમાં લખાવવાની રહેશે.
- આ પૂર્વકસોટી ‘ભાષાદીપ’ કાર્યક્રમ અંતર્ગત સંશોધનના હેતુ માટે યોજાઈ રહી છે. આ કસોટી સામાયિક કસોટીનો ભાગ નથી તેથી તેના ગુણ રચનાત્મક મૂલ્યાંકનમાં ગણવામા આવશે નહિ.
- એસ.એસ.એ.પોર્ટલ પર વિદ્યાર્થીઓના ગુણની પ્રશ્નવાર ઓનલાઈન એન્ટ્રી કરવાની રહેશે.
- સદર પૂર્વકસોટી ૫૦ ગુણની રહેશે અને સમય એક કલાકનો રહેશે. આમ છતાં આ કસોટીનો હેતુ વાચન અર્થગ્રહણ અંગે બાળકનું પૂર્વજ્ઞાન જાણવાનો હોઈ જો કોઈ વિદ્યાર્થી કસોટી ૧ કલાકમાં પૂર્ણ ન કરે તો તેને ૧૫ મિનિટ જેટલો વધારે સમય આપવાનો રહેશે.
- સદર પૂર્વકસોટી ધોરણ ૩ થી ૫ના વિદ્યાર્થીઓ માટે એક સામાન્ય(કોમન) કસોટી તૈયાર કરવામાં આવી છે અને ધો.૬ થી ૮ ના વિદ્યાર્થીઓ માટે એક સામાન્ય (કોમન) કસોટી તૈયાર કરવામાં આવી છે.
- સદર પૂર્વકસોટી સંશોધનના હેતુસર લેવાતી હોવાના કારણે કસોટી બિલકુલ તટસ્થ રીતે લેવાય એ અપેક્ષિત છે.
- આ કસોટીમાં સમાવિષ્ટ સૂચનાઓ પણ વાચન અર્થગ્રહણનો ભાગ હોઈ વિદ્યાર્થીઓને સૂચનાઓ સમજાવવામાં અન્ય વિદ્યાર્થી કે શિક્ષક તરફથી મદદ ન મળે તે સુનિશ્ચિત કરવાનું રહેશે.

નોંધ : આ સાથે ગુજરાતી માધ્યમના ધો.૬ થી ૮ તથા ધો.૩ થી ૫ના પ્રશ્નપત્ર સામેલ છે. અન્ય માધ્યમના પ્રશ્નપત્રો આજરોજ સી.આર.સી.કો.ઓર્ડિનેટર દ્વારા જે-તે શાળાઓને પહોંચતા કરવામાં આવશે.

બિડાણ :- (૧) સંદર્ભિત પત્ર

(૨) ગુજરાતી માધ્યમના ધો.૬ થી ૮ તથા ધો.૩ થી ૫ના પ્રશ્નપત્ર

તા.૨૨-૧૧-૨૦૧૯

ડૉ. એલ.ડી.દેસાઇ
શાસનાધિકારી

सत्यमेव जयते

નિયામક

ક્રમાંક : જીસીઈઆરટી/સીએન્ડઈ/ 2019/29768-94
ગુજરાત શૈક્ષણિક સંશોધન અને તાલીમ પરિષદ,
'વિદ્યાભવન', સેક્ટર-૧૨, ગાંધીનગર.
ફોન : (079) 23256808-39
નિયામક : (079) 23256808
Web : www.gcert.gujarat.gov.in

તારીખ: ૨૧/૧૧/૨૦૧૯

પ્રતિ,

જિલ્લા પ્રાથમિક શિક્ષણાધિકારીશ્રી, તમામ

શાસનાધિકારીશ્રી, તમામ

**વિષયઃ 'ભાષાદીપ' કાર્યક્રમ અંતર્ગત વાચન અર્થગ્રહણની પૂર્વકસોટી બાબત**

શ્રીમાન,

ઉપરોક્ત વિષય અન્વયે જણાવવાનું કે તા. ૨૩/૧૧/૨૦૧૯ નાં રોજ રાજ્યની પ્રાથમિક શાળાઓમાં ધોરણ ૩ થી ૮નાં વિદ્યાર્થીઓ માટે 'ભાષાદીપ' કાર્યક્રમ અંતર્ગત વાચન અર્થગ્રહણ પૂર્વકસોટી યોજાનાર છે. આ અંગે નીચે મુજબની સૂચનાઓ આપની કક્ષાએથી શાળાઓ આપવા વિનંતી.

- આ કસોટી વિદ્યાર્થીઓને એકમકસોટીની નોટબુકમાં લખાવવાની છે.
- આ પૂર્વકસોટી 'ભાષાદીપ' કાર્યક્રમ અંતર્ગત સંશોધનના હેતુ માટે યોજાઈ રહી છે. આ કસોટી સામયિક કસોટીનો ભાગ નથી. તેથી તેના ગુણ રચનાત્મક મૂલ્યાંકનમાં ગણવામાં આવશે નહિ.
- એસ.એસ.એ. પોર્ટલ પર વિદ્યાર્થીઓના ગુણની પ્રશ્નવાર ઓનલાઈન એન્ટ્રી કરવાની રહેશે.
- સદર પૂર્વકસોટી ૫૦ ગુણની રહેશે અને સમય એક કલાકનો રહેશે. આમ છતાં, આ કસોટીનો હેતુ વાચન અર્થગ્રહણ અંગે બાળકનું પૂર્વજ્ઞાન જાણવાનો હોઈ, જો કોઈ વિદ્યાર્થી કસોટી ૧ કલાકમાં પૂર્ણ ન કરે તો તેને ૧૫ મિનિટ જેટલો વધારે સમય આપી શકાશે.
- સદર પૂર્વકસોટી ધોરણ ૩ થી ૫ નાં વિદ્યાર્થીઓ માટે એક સામાન્ય (કોમન) કસોટી તૈયાર કરવામાં આવી છે અને ધોરણ ૬ થી ૮નાં વિદ્યાર્થીઓ માટે એક સામાન્ય (કોમન) કસોટી તૈયાર કરવામાં આવી છે.
- સદર પૂર્વકસોટી સંશોધનના હેતુસર લેવાતી હોવાના કારણે કસોટી બિલકુલ તટસ્થ રીતે લેવાય એ અપેક્ષિત છે.
- આ કસોટીમાં સમાવિષ્ટ સૂચનાઓ પણ વાચન અર્થગ્રહણનો ભાગ હોઈ વિદ્યાર્થીઓને સૂચનાઓ સમજાવવામાં અન્ય વિદ્યાર્થી કે શિક્ષક તરફથી મદદ ન મળે તે સુનિશ્ચિત કરવા વિનંતી છે.

(સહી)

નિયામક

જીસીઈઆરટી

ગાંધીનગર

Scanned by CamScanner

**ધોરણઃ 6 થી 8** **વાચન અર્થગ્રહણ પૂર્વકસોટી** **તા.23/11/2019**

**સમયઃ 1 કલાક** **કુલ ગુણઃ 50**

---

**પ્રશ્ન -1 ફકરાનું વાંચન કરી નીચે આપેલા પ્રશ્નોના જવાબ આપો.** **8**

વિનોદ જ્યાં પણ રહ્યો, ત્યાં તેણે પૂરી પ્રામાણિકતા, નીડરતા તથા સાવચેતીથી કામ કર્યું. તે લોકપ્રિય થઈ ગયો. પોતાની પ્રશંસનીય સેવાઓ તથા કાર્યકુશળતાથી થોડા જ સમયમાં તે પોલીસ અધિકારી બની ગયો. તેની ખ્યાતિ સર્વત્ર ફેલાવા લાગી. બધા જાણી ગયા કે સજ્જનો તથા લોકસેવકો માટે તે સુશીલ અને વિનમ્ર છે, પરંતુ ગુનેગારો માટે તે કડક અને ન્યાયી છે. જેમ અપરાધી તત્વો તેના નામ માત્રથી બી જતા હતા તેમ પ્રામાણિક અને શાંતિપ્રિય નાગરિકો ઈચ્છતા હતા કે વિનોદની નિમણૂંક તેમના નગરમાં થઈ જાય, જેથી ત્યાં શાંતિ અને સુવ્યવસ્થા સ્થપાઈ શકે.

1. વિનોદના વિવિધ ગુણ દર્શાવતા શબ્દો શોધીને લખો.
2. ચોર-ગુંડાઓ વિનોદનું નામ સાંભળીને ડરતા હતા કેમ કે.......
3. આપેલ શબ્દો માટે નજીકના અર્થ દર્શાવતા શબ્દો શોધીને લખોઃ 1. નામના 2. કાળજીપૂર્વક
4. ફકરાને આધારે નીચે આપેલ વાક્યમાંથી કયું વાક્ય સાચું છે?

   અ. તે બધા માટે કડક અને ન્યાયી છે.

   બ. ડરપોક સ્વભાવને કારણે તેની બદલી કરવામાં આવી હતી.

   ક. ઉચ્ચ અધિકારીની ભલામણે તેને મોટી પદવી અપાવી હતી.

   ડ. સારી રીતે કાર્ય કરવાની તેની રીતથી તે ઉચ્ચ અધિકારી બની ગયો.

**પ્રશ્ન-2 નીચે 'અ' અને 'બ' જોડીને 'હેલન કેલર' વિશે અર્થપૂર્ણ વાક્યો બનાવીને લખો.** **8**

**(અ)**

| અ | બ |
|---|---|
| 1. હેલન કેલરનું નામ તો | 1. જ્ઞાન તે સ્પર્શીને અને સૂંઘીને મેળવતી. |
| 2. એક દિવ્યાંગ વ્યક્તિ પણ | 2. જ્ઞાનના તમામ રસ્તા બંધ થઈ ગયા. |
| 3. તેનું હેલન એક | 3. તેના આંખ, કાન અને વાણી લઈ લીધાં. |
| 4. એનો જન્મ એક સુખી | 4. ઉત્તમ શહેરનું છે. |
| 5. દોઢેક વરસની ઉંમરે એક બીમારીએ | 5. આંધળી, બહેરી અને ગૂંગી થઈ ગઈ. |
| 6. એ માસૂમ બાળકી ત્યારથી | 6. ઉત્તમ ઉદાહરણ છે. |
| 7. હેલન માટે ચારેકોર અંધારું અને | 7. કુટુંબમાં થયો હતો. |
| 8. આસપાસની દુનિયાનું બધું જ | 8. જ્ઞાન તે જોઈ અને સાંભળીને મેળવતી. |
| | 9. તમે સાંભળ્યું હશે જ ને! |
| | 10. દૃઢ મનોબળથી આગળ વધી શકે છે. |

**પ્રશ્ન:2 આપેલા ફકરામાનાં વાક્યોને તે રીતે ગોઠવીને લખો કે જેથી એ આખી ઘટના બરાબર સમજાય.** **6**

**(બ)**

ત્યાંથી મિલનના ઘરે ફોન કરી તેના માતા-પિતાને સમાચાર આપ્યા. પીયૂષ અને મનોજ શાળાએ જઈ રહ્યા હતા. મનોજ મિલનને દવાખાને સારવાર માટે લઈ ગયો. મિલનને ઘણી જ ઈજા થઈ હતી. બીજાને મદદ કરવા બદલ મનોજને સાહેબે શાબાશી આપી. તેની સાથે ભણતા મિલનને રસ્તામાં અકસ્માત નડ્યો.

**પ્રશ્ન -3 નીચેના શબ્દોનો ઉપયોગ કરી અર્થપૂર્ણ વાક્ય બનાવો.** **4**

**(અ)**

1. વિવેકપૂર્ણ, પાણી, જીવન,
2. આનંદ, પ્રવાસ, મિત્રો

**પ્રશ્ન 3 આપેલ જવાબ મળે તે રીતે અર્થપૂર્ણ પ્રશ્ન બનાવો.**

**(બ)**

**ઉદાહરણઃ જવાબ:- સામાજિક વિજ્ઞાન પ્રશ્ન:- તને કયો વિષય વધુ ગમે છે?** **6**

1. જવાબ:- બીમાર છે. 2. જવાબ:- ઝડપથી 3. જવાબ:- ચોર આવ્યો લાગે છે.

**પ્રશ્ન -4 અધૂરાં વાક્યો પૂર્ણ કરો.** **8**

1. જો મને ઈનામમાં વિમાન મળે તો.........................................................
2. મારા પપ્પા મને મોબાઈલ આપતા નથી કેમ કે.......................................
3. ...................................................તેથી મને ખબર પડી ગઈ કે તે હોંશિયાર છે.
4. ...................................................જોઈને પરેશ આશ્ચર્યચક્તિ થઈ ગયો.

**પ્રશ્ન:5 આપેલ સમયપત્રકને ધ્યાનથી વાંચો અને પ્રશ્નોના જવાબ લખો. ( દરેક તાસ 45 મિનિટનો છે.)** **10**

| વાર/ તાસ | 1 | 2 | 3 | 4 | 5 | 6 | 7 |
|---|---|---|---|---|---|---|---|
| **સોમવાર** | અંગ્રેજી | હિન્દી | હિન્દી | વિજ્ઞાન | કલા | ગણિત | કાર્યાનુભવ |
| **મંગળવાર** | ગુજરાતી | અંગ્રેજી | સા.વિજ્ઞાન | કલા | ગણિત | વિજ્ઞાન | શા.શિક્ષણ |
| **બુધવાર** | સા.વિજ્ઞાન | અંગ્રેજી | હિન્દી | શા.શિક્ષણ | વિજ્ઞાન | ગણિત | પુસ્તકાલય |
| **ગુરુવાર** | વિજ્ઞાન | ગણિત | ગુજરાતી | કાર્યાનુભવ | અંગ્રેજી | સા.વિજ્ઞાન | શા.શિક્ષણ |
| **શુક્રવાર** | સા.વિજ્ઞાન | ગણિત | વિજ્ઞાન | અંગ્રેજી | કલા | સંસ્કૃત | શા.શિક્ષણ |
| **શનિવાર** | શા.શિક્ષણ | અંગ્રેજી | સા.વિજ્ઞાન | સંસ્કૃત | વિજ્ઞાન | | |

1. ગુરુવારે છઠ્ઠા તાસમાં કયો વિષય શીખવવામાં આવશે?
2. કયો વિષય સતત દોઢ કલાક સુધી શીખવવામાં આવે છે?
3. કયો વિષય રોજેરોજ શીખવવામાં આવે છે?
4. કલા માટે કુલ કેટલો સમય ફાળવવામાં આવેલ છે?
5. ભાષાઓ માટે કુલ કેટલા તાસ ફાળવવામાં આવેલ છે?

ધોરણઃ ૩ થી ૫ | વાચન અર્થગ્રહણ પૂર્વકસોટી | તા.૨૩/૧૧/૨૦૧૯

સમયઃ ૧ કલાક | કુલ ગુણઃ ૫૦

---

**પ્રશ્ન ૧ વાર્તા વાંચી તેને આધારે નીચેના પ્રશ્નોના માગ્યા મુજબ ઉત્તર આપો.** ૧૦

ત્રણ દિવસથી ભારે વરસાદ પડતો હતો. ચંપકવનની બધી જ નદી અને ઝરણાં ઉભરાઈ ગયાં હતાં. પ્રાણીઓ જંગલમાં ખાવા માટે કે શિકાર માટે જઈ શક્તાં ન હતાં. બિચારાં ભૂખથી સાવ અશક્ત થઈ ગયાં હતાં. વર્ષો પહેલાં લાકડાં બાંધીને તૈયાર કરેલો પુલ તૂટીને તણાઈ ગયો હતો. વરસાદ અટકી ગયા પછી કાળુ રીંછ અને  મોતી દીપડો રાજા શેરસિંહને મળવા ગયા. બંનેએ  પગ જોડી વિનંતી કરી,  "મહારાજા, મિકુ વાંદરો શહેરમાં જઈ બાંધકામ કરવાનું ભણીને આવ્યો છે. તમે એને આજ્ઞા કરો કે પથ્થરનો પુલ બનાવી આપે."

**પ્રશ્નોઃ**

૧. શેરસિંહ કયા જંગલનો રાજા હતો?

૨. પુલ કેમ તૂટી ગયો હતો?

૩. પ્રાણીઓને કેવી તકલીફ પડતી હતી?

૪. મિકુ વાંદરો બધાની મુશ્કેલી દૂર કરવા માટે શું કરશે?

૫. 'ભારે વરસાદ' એટલે કેવો વરસાદ?

**પ્રશ્ન ૨ નીચે આપેલાં વાક્યોને ક્રમમાં ગોઠવી ફરીથી એવી રીતે લખો કે જેથી એ આખી ઘટના બરાબર સમજાય.** ૬

૧. તે બાજુમાં આવેલી એક દુકાનમાં ઘૂસી ગઈ.

૨. ઓય મા, કરતી તે દોડી.

૩. દુકાનદારે કહ્યું, ‘લે, આ બિસ્કીટ કૂતરાને નાખીશ એટલે તે ઊભું રહી જશે.’

૪. એક કૂતરું તેની પાછળ પડ્યું.

૫. રિયા સ્કૂલેથી ઘરે આવતી હતી.

૬. રિયાએ મલકાઈને  દુકાનદારનો આભાર માન્યો.

**પ્રશ્ન ૩(અ) અધૂરાં વાક્યો પૂર્ણ કરો.** ૬

**ઉદાહરણઃ રિસેસ પડે ત્યારે...............**

**વાક્યઃ રિસેસ પડે ત્યારે હું મારા મિત્રો સાથે થોડીવાર રમી લઉં છું.**

૧. મેં આજે નવાં કપડાં પહેર્યાં છે કારણ કે............

૨. દિવાળીના વેકેશનમાં અમે.............

૩. પપ્પાએ ના પાડી તોય.........................

**પ્રશ્ન ૩(બ) કૌસમાં આપેલા શબ્દો પૈકી યોગ્ય શબ્દ પસંદ કરી ખાલી જગ્યા પૂરો.** ૬

(પોટકું, ગાવાનો, ખીલે, ગોપુ, નજર, ધોબી )

ધબાકપુર નામે ગામ. એમાં ધનુ નામે એક ................ રહે. આ ધોબી પાસે ................નામનો ગધેડો હતો. એને ................ અને ખાવાનો જબરો શોખ. કામ કરવું ન ગમે, રખડવું ગમે. મેલાં કપડાંનું................... ઉપાડી નદીએ જવું ન ગમે. જ્યારે લાગ મળે ત્યારે ધનુની..............ચૂકાવીને એ ભાગી જતો. પણ ધનુ ધોબી હોંશિયાર હતો. તે ગોપુને તરત શોધી કાઢતો ને ઘેર લાવી ...................... બાંધી દેતો.

**પ્રશ્ન-૪(અ) લીટી દોરેલ શબ્દની જગ્યાએ કૌંસમાં આપેલ શબ્દ વાપરી વાક્ય ફરીથી લખો.** ૬

**ઉદાહરણઃ <u>બાળકો</u> પ્રાર્થના કરે છે. (હું) વાક્યઃ હું પ્રાર્થના કરું છું.**

૧. આંગણામાં <u>પક્ષી</u> ચણતું હતું. (કાબર)

૨. <u>ડોલ</u> પાણીથી ભરેલી હતી. (માટલું)

૩. <u>નીલેશ</u> હસતો હસતો દોડતો હતો. (નિશા)

**પ્રશ્ન ૪(બ) આપેલા શબ્દોનો ઉપયોગ કરી વાક્ય બનાવો.** ૬

**ઉદાહરણઃ મિત્રો, ક્રિકેટ, રજા**

**વાક્યઃ રજાના દિવસે હું મિત્રો સાથે મેદાનમાં ક્રિકેટ રમું છું.**

૧. પ્રાર્થના, શાળા ૨. ટોપી, સ્વેટર, ઠંડી ૩. માછલી, નદી, રંગબેરંગી

**પ્રશ્નઃ૫ નીચે આપેલ ટુચકો (જોક્સ) વાંચી આપેલ પ્રશ્નોના જવાબ આપો.** ૧૦

હજામઃ કેમ છે ટેણિયા? કેટલા વર્ષ થયાં તને?

ટિન્કુઃ નવ

હજામઃ વાળ કાપવાના છે?

ટિન્કુઃ તો શું હું અહીં દાઢી કરાવવા આવ્યો છું?

**પ્રશ્નોઃ**

(૧) ટિન્કુ ક્યાં ગયો છે?

(૨) ટિન્કુ ત્યાં શા માટે ગયો છે?

(૩) બે વર્ષ પછી ટિન્કુની ઉંમર કેટલી હશે?

(૪) ટિન્કુ દાઢી કેમ કરાવી ન શકે?

(૫) હજામ શું કામ કરે છે?